DATE :- 19-09-2025

SANDESH, PAGE-10, SURAT



**હાઇટેક્નોલોજીથી સજ્જ સુરત મેટ્રો**

**12020 કરોડ** › અંદાજિત ખર્ચ

**38** › મેટ્રો સ્ટેશન

**40 કિમી** › વીજળીકરણ

**750 વોલ્ટ ડીસી** › થ્રીજું વીજળીકરણ



વિકલાંગો માટે વ્હીલચેરની સુવિધા રહેશે

ઇમરજન્સીમાં આગળથી નીકળવાની વ્યવસ્થા રહેશે

ડબ્બામાં ડાયમંડ અને ટેક્સ્ટાઇલની ડિઝાઇન પણ જોવા મળશે

ઓટોમેટિક ટેક્નોલોજીનો ઉપયોગ કરી મેટ્રોની તમામ વ્યવસ્થાઓ સંચાલિત કરાશે

**સ્માર્ટ સિટી સુરતના નગરજનોને ધ્યાને રાખીને સ્માર્ટ ટેક્નોલોજીથી સજ્જ કરાઇ ટ્રેન**

# સુરતમાં ડ્રાઈવર વગર દોડશે મેટ્રો

। સુરત ।

સુરતીઓ જેની આતુરતાથી રાહ જોઇ રહ્યા છે તે મેટ્રો ટ્રેન સ્પેશિયલ સુરતીઓને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવી છે. મેટ્રો ટ્રેન હાઈટેક્નોલોજીથી સજ્જ રહેશે. સૌથી મોટી વાત તો એ છે કે, આ ટ્રેન ડ્રાઈવર રહિત રહેશે. આ સિવાય પણ સુરતીઓને મુસાફરી દરમિયાન પણ નવી ટેક્નોલોજીનો અહેસાસ થશે. ટ્રેનની તમામ વ્યવસ્થા લેટેસ્ટ સિસ્ટમ દ્વારા મેનેજ કરવામાં આવશે. સુરતમાં ટ્રાન્સપોર્ટને નવો આયામ આપવાનું કામ વેગ પકડી ચૂક્યું છે. આ માટે મહત્ત્વપૂર્ણ કહી શકાય તેવા ૧૨૦૦૦ કરોડથી વધુના મેટ્રો પ્રોજેક્ટનું કામ કોરિડોર-૧ અને કોરિડોર-૨ પરની તૈયારીઓ તડામાર છે.



કોરિડોર-૧માં ડાઉન ટનલનું કામ પૂરું થઈ ગયું છે અને બીજી ટનલનું કામ પણ આગળ વધી રહ્યું છે. ડ્રીમ સિટીથી અલથાણ વચ્ચે ડિસેમ્બર સુધીમાં ટ્રેન દોડાવવા માટે તડામાર પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ રૂટ પર ટ્રેક બિછાવવાની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે. કોરિડોર-૨ એટલે કે ભેંસાણથી સારોલી માટેના રૂટ પર આગામી દિવસોમાં ૮૧૦ મેટ્રિક ટનનો સ્પાન રઘુકુલ માર્કેટ અને સારોલી નાળા પાસે મૂકવાની તૈયારી પૂરજોશમાં ચાલુ છે.

સ્માર્ટ સિટી સુરતને વિશેષ ધ્યાનમાં રાખીને જ મેટ્રો ટ્રેનની ડિઝાઈન પણ ખુબ માનસિક વ્યાયામ બાદ નિષ્ણાતોએ નક્કી કરી છે. કોલાકાતાની જે કંપની સુરત મેટ્રો ટ્રેનના ડબ્બા બનાવી રહી છે એ તેની ડિલિવરી પણ ટૂંકમાં જ સુરતને કરે તેવી શક્યતા છે. ટ્રેન શરૂઆતમાં ત્રણ કોચ સાથે દોડાવવામાં આવશે જે પાછળથી છ કોચ સુધી વધારવામાં આવે તેવી શક્યતા છે. હાલની વ્યવસ્થા મુજબ ત્રણ કોચ દોડાવાની તૈયારી છે જેમાં ૭૬૪ યાત્રીઓ એકસાથે યાત્રા કરી શકશે.



ટ્રેનમાં મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ, દિવ્યાંગો માટે વ્હીલ ચેર તેમજ અકસ્માતના સમયે ટ્રેનના આગળના ભાગથી બહાર આવી શકાય તે માટેની સિસ્ટમ ડેવલપ કરવામાં આવી છે. ટ્રેનના ડબ્બામાં ડાયમંડ અને ટેક્સ્ટાઈલની ડિઝાઈન પણ જોવા મળશે.

સુરતીઓને રોમાંચિત કરે તેવી વાત એ છે કે, મેટ્રો ટ્રેન હાઈટેક્નોલોજીથી સજ્જ રહેશે. તેને ઓટોમેટિક સિસ્ટમ દ્વારા ઓપરેટ કરવામાં આવશે. અનએટેન્ડેન્ટ (ડ્રાઈવરલેસ) ટ્રેન ઓપરેશન એટલે કે (યુટીઓ) સિસ્ટમ આધારિત વ્યવસ્થામાં ટ્રેનને સિસ્ટમ દ્વારા ડ્રાઈવર વગર સંચાલિત કરવામાં આવશે. શરૂઆતમાં થોડા દિવસો સુધી ડ્રાઈવર ટ્રેનમાં રહેશે પરંતુ ત્યારબાદ સિસ્ટમ દ્વારા જ સમગ્ર સંચાલન કરવામાં આવશે.

## સુરત મેટ્રો પ્રોજેક્ટ

| સમજૂતી | કોરિડોરનું નામ | | લંબાઈ (કિમી) | સ્ટેશન નં. |
|---|---|---|---|---|
| લીલી રેખા | ભેંસાણથી સરોલી | એલિવેટેડ | ૧૮.૭૪ | ૧૮ |
| લાલ રેખા | સરથાણાથી ડ્રીમ સિટી | એલિવેટેડ | ૧૫.૧૪ | ૧૪ |
| લાલ તૂટક રેખા | | અંડર ગ્રાઉન્ડ | ૬.૪૭ | ૬ |
| M | મેટ્રો સ્ટેશન | | | |
| M | ઈન્ટર ચેન્જ સ્ટેશન | | | |
| ■ | ડીપોટ | | | |

